સંદેશ, પાના નં.૦૫, તા. ૦૯-૧૨-૨૦૨૩

# મોટેરાથી ગાંધીનગર મેટ્રોની કામગીરીનું CMએ નિરીક્ષણ કર્યું



શુક્રવારે મુખ્યમંત્રી મોટેરાથી ગાંધીનગર વચ્ચે ચાલતા મેટ્રોરેલ પ્રોજેક્ટની કામગીરીનું નિરીક્ષણ કરવા માટે પહોંચ્યા હતા. તેમની સાથે ઉચ્ચ અધિકારીઓ પણ જોડાયા હતા. તેઓએ કોબા સર્કલ તેમજ ધોળાકૂવા પાસે મેટ્રોરેલની થતી કામગીરીની માહિતી મેળવી હતી. મોટેરાથી ગાંધીનગર વચ્ચે મેટ્રોરેલના સેકન્ડ ફેઝનું કામ ધમધમી રહ્યુ છે. મોટેરાથી આ ટ્રેનનો રૂટ છેક કોબા સર્કલથી થઇ મહાત્મા મંદિર સુધી પહોંચે છે. શહેરના ધોળાકૂવાથી લઇ ચ રોડ અને ત્યાંથી છ -૫ થી મહાત્મા મંદિર સુધીના રસ્તા પર તો મેટ્રોરેલના પિલર પણ ઉભા થઇ ગયા છે.